# ૨૪ એપ્રિલે બિન સચિવાલયની પરીક્ષા

## પરીક્ષાના કેન્દ્રો ૧૦૦ કિ.મી. દૂર ફાળવતા પરીક્ષાર્થીઓમાં છૂપો રોષ : શહેરના અનેક ઉમેદવારોને દૂર જવાની ફરજ પડશે

ગાંધીનગર, તા. ૧૯

બિન સચિવાલય કારકુન અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષા ૧૩ ફેબ્રુઆરીએ લેવાનારી હતી જે રદ કરવામાં આવી હતી તે હવે ૨૪ એપ્રિલને રવિવારના રોજ યોજાવાની છે. જેમાં ૩૯૦૧ જગ્યાઓ માટે યોજાનારી આ પરીક્ષામાં ૧૦.૪૫ લાખ ઉમેદવારો પરીક્ષા આપવા બેસશે. ત્યારે આ બિન સચિવાલય કારકુન અને ઓફિસ આસિસ્ટન્ટની પરીક્ષાના કોલલેટર જોતા જ પરીક્ષાર્થીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

આ પરીક્ષામાં ઉમેદવારોના આખા જિલ્લા બદલી નાખવામાં આવ્યા છે. ગાંધીનગરના અનેક ઉમેદવારોને ૧૦૦ કિ.મી. દૂર રાધનપુર, બાવળા, પાટણ, અમદાવાદ, બરોડા સહિતના વિસ્તારોમાં બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવી છે જેને લઈને ઉમેદવારોમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે.

બિન સચિવાલયની પરીક્ષામાં પેપર ફૂટી જવાના કારણે અગાઉ પરીક્ષાઓ મોકૂફ થઈ હતી અને સરકારની સામે પરીક્ષાર્થીઓ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવ્યા હતા. ત્યારે આ વખતે કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન બને તે માટે તંત્ર દ્વારા પરીક્ષાઓના મથક દૂર દૂર ફાળવવામાં આવ્યા છે. જેના કારણે ઉમેદવારે પોતાનો નંબર આવ્યો હોય તે પરીક્ષા સેન્ટર ઉપર પહોંચવા એક દિવસ પહેલા નીકળવું પડશે. જ્યારે ખાનગી વાહન લઈને જનારા ઉમેદવારોને પણ ૫ થી ૬ કલાક વહેલા ઘરેથી નીકળવું પડશે.

તાલુકા ફેર, નજીકના જિલ્લામાં કે પછી સેન્ટરના કર્મચારીઓને જ બદલી નાખ્યા હોય તો લાખ્ખો ઉમેદવારોને કાળઝાળ ગરમીમાં પરીક્ષા આપવા ૧૦૦ કિ.મી.નું અંતર કાપવાથી બચાવી શકયા હોત અને તે સમયનો તૈયારી કરવામાં ઉપયોગ કરી શકયા હોત. મોંઘવારીના દિવસોમાં દૂર દૂર પરીક્ષા કેન્દ્રોમાં સ્વ ખર્ચે જવામાં ઘણા પરીક્ષાર્થીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આ પરીક્ષા સવારે ૧૧ થી ૧ કલાક દરમિયાન લેવામાં આવનાર છે તેવામાં ૧૦ વાગ્યે પરીક્ષા કેન્દ્રના સ્થળ ઉપર પહોંચવા માટે પરીક્ષાર્થીઓએ આગલા દિવસે જ ઘરેથી નીકળી જવું પડશે તેથી પરીક્ષાર્થીઓ અત્યારથી જ કઈ રીતે પહોંચવું તેની વ્યવસ્થા અને ત્યાં જઈને ક્યાં રોકાવું તેની વ્યવસ્થા અગાઉથી કરી રહ્યા છે. જેથી પરીક્ષાના દિવસે કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે.

આ અગાઉ લોકરક્ષક દળની લેખિત પરીક્ષામાં પણ પરીક્ષા કેન્દ્રો દૂર આવતા પરીક્ષાર્થીઓને અવરજવરમાં મુશ્કેલીઓ પડી હતી. છેવટે પરીક્ષાઓમાં પેપર ફૂટવાના કારણે કડક બનતા તંત્ર સામે પરીક્ષાર્થીઓને મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવે છે. પરીક્ષાર્થીઓ પણ આ વખતે બિન સચિવાલયનું પેપર કોઈ પણ રીતે મોકૂફ ન થાય તેવી આશા સાથે પરીક્ષાની આખરી તૈયારીઓમાં લાગી ચૂક્યા છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેઓ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈ હેલીકોપ્ટર મારફત ગાંધીનગર આવ્યા ત્યારે સચિવાલય હેલીપેડ ખાતે મેયર હિતેશ મકવાણાએ તેઓનું સ્વાગત કર્યું હતું.

## મોંઘેરા મહેમાનોને પગલે સિવિલમાં સોલા-વડનગર થી ડોકટર્સ બોલાવ્યા

ગાંધીનગર, તા.૧૯

ભારતના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ બ્રિટનના વડાપ્રધાન બોરીસ જોનસન અને મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જુગનાથ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. વિદેશી મહેમાનોની આગતા સ્વાગતામાં કોઈ કચાશ રહી ના જાય તે માટે તંત્ર ખડે પગે તૈયાર છે. ત્યારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મોંઘેરા મહેમાનોને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દોડાદોડી વધી જવા પામી છે. વડાપ્રધાનને આગમને પગલે બેઝ હોસ્પિટલ તેમજ રાઉન્ડ ધ કલોક વિવિધ સ્થળ પર મેડીકલ ટીમો તૈનાત કરવામાં આવી છે. ત્યારે મહેમાનો માટે પણ સિવિલ તંત્ર દ્વારા વધુ ૪ મેડીકલ ટીમ બનાવાઈ છે. જેથી ગાંધીનગર સિવિલમાં ડોકટરોની અછત જોવા મળતા વડનગર અને સોલા સિવિલમાંથી ડોકટરોને ગાંધીનગર બોલાવ્યા છે. સિવિલમાં રાઉન્ડ ધ કલોલ મેડીકલની ટીમો કાર્યરત છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં માત્ર ઈમરજન્સી ઓપરેશન જ કરવામાં આવે છે. જયારે ઈમરજન્સી ન હોય તેવા ઓપરેશન આગામી સમયમાં કરવામાં આવશે.

## સેકટર-૩૦ નર્સરીની પાછળના ભાગે વિદેશી દારુ વેચતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

પાટનગરના સેકટર-૩૦ નર્સરીની પાછળના ભાગે બોરીજ ગામની સીમમાં આવેલ ઝાડીઓમાં વિદેશી દારૂ વેચતા શખ્સને એલસીબીએ પકડી પાડ્યો છે. પોલીસે તપાસ કરતા શખ્સ પાસેથી વોડકાની ૪૬ બોટલ કબ્જે કરી રૂ.૧૩ હજારથી વધુનો મુદામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના ટાઉન વિસ્તારમાં એલસીબી-૧ પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા. તે સમયે સેકટર-૩૦ નજીક આવતા પોલીસને બાતમી મળી હતી કે અરવિંદજી બાબુજી ઠાકોર સેકટર-૩૦ નર્સરીની પાછળ બોરીજ ગામની સીમમાં આવેલી ઝાડીઓમાં વિદેશી દારુનો વેપલો કરે છે. જેથી પોલીસે સેકટર-૩૦ ની ઝાડી વિસ્તારમાં બેસી રહેલા એક શખ્સને પકડી પાડ્યો હતો.પોલીસે શખ્સનુ નામ પુછતા તેણે અરવિંદજી બાબુજી ઠાકોર (રહે. લેકાવાડા મહાકાળી મંદિરની પાછળના ભાગે ભાડેથી, મુળ રહે. બોરીજ નવા પરા ગાંધીનગર) ને સાથે રાખી પોલીસે સિમેન્ટની થેલીઓ ચેક કરતા તેમાંથી વોડકાની ૪૬ બોટલ મળી આવી હતી. એલસીબી પોલીસે રૂ.૧૩,૮૯૨ ની કિંમતની ૪૬ બોટલ તેમજ વેચી રહેલા શખ્સને પકડી પાડી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મહિલા પોલીસ કર્મચારીએ કેનાલમાં ઝંપલાવી જીવનલીલા સંકેલી લીધી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર પોલીસ હેડ કવાર્ટર ખાતે એલઆઈબી વિભાગમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા નિશા કિરીટભાઈ પ્રજાપતિએ કોઈ અગમ્ય કારણોસર અડાલજ નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં ગત તા.૧૬ એપ્રિલના રોજ ઝંપલાવ્યું હતું.તેણીનો મૃતદેહ ગતરોજ કલોલના જાસપુર સાયફન કેનાલમાંથી મળી આવ્યો છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે ઘરે થી નોકરી પર જવાનું કહીને નીકળેલા મહિલા લોકરક્ષક નિશા પ્રજાપતિનું એકટીવા કેનાલ પાસેથી બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું. જયારે એક ચબરખી મળી આવી હતી. જેમાં મોબાઈલનો પાસવર્ડ અને એક મોબાઈલ નંબર લખેલો હતો. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-હિંમતનગર હાઈ વે પર આવેલા ચંદ્રાલા ગામના કિરીટભાઈ પ્રજાપતિની દિકરી નિશાના લગ્ન દહેગામ તાલુકાના હાલીસા ગામે રહેતા સુરેશભાઈ ગુર્જર (પ્રજાપતિ)ના દિકરા બ્રિજેશ સાથે સમાજના રીતરિવાજ મુજબ ૧૫ માસ અગાઉ થયા હતા. લોકરક્ષક તરીકે નિશા એસપી કચેરી ખાતે આવેલા એલઆઈબી શાખામાં ફરજ બજાવતી હતી.જયારે નિશાનો પતિ બ્રિજેશ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીમાં વ્યસત છે. ગત તા.૧૬ ના રોજ નિશા નિત્યક્રમ મુજબ ઘરેથી નોકરી પર જવાનું કહીને નીકળી હતી. પરંતુ તે પોતાની નોકરી પર ગઈ ન હતી. જયારે સાંજ સુધી નિશા ઘરે ન પહોંચતા પરિવારજનોએ શોધખોળ શરુ કરી હતી. તે સમયે નિશાનું એકટીવા અડાલજ નજીક આવેલી નર્મદા કેનાલ પાસેથી મળી આવ્યું હતું. જેમાં એક ચબરખી મળી આવી હતી.જેમાં મોબાઈલનો પાસવર્ડ અને બિરજુ (બ્રિજેશ)નો મોબાઈલ નંબર લખેલો હતો. પોલીસ તંત્રએ ફાયર બ્રિગેડની મદદથી નિશાની કેનાલમાં શોધખોળ કરાવી હતી. પરંતુ તેનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. જયારે કલોલના જાસપુર સાયફન પાસેથી નિશાનો મૃતદેહ મળી આવ્યો હતો. જો કે આપઘાતનું ચોકકસ કારણ સામે આવ્યું નથી.

## ગાંધીનગર ખાતે પતંજલિ યોગપીઠની સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખાતે યોગગુરુ સ્વામી રામદેવ મહારાજના આશીર્વાદથી તથા યોગાચાર્ય ડૉ. કાનજીભાઈ બાવરીના સાનિધ્યમાં પતંજલિ યોગ સમિતિ, મહિલા પતંજલી યોગ સમિતિ તથા માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા પતંજલિ જિલ્લા પ્રભારી ડૉ.નેહલ દેસાઈએ જણાવ્યું હતું કે સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનો શુભારંભ તા. ૧લી મે રવિવારના રોજથી થઈ રહ્યો છે જેનો મુખ્ય ઉદેશ્ય યોગ, આયુર્વેદ, નેચરોપથી, એક્યુપ્રેશર થેરાપી, પ્રાથમિક ઉપચાર વગેરેનો ગહન પ્રચાર-પ્રસાર કરી ઘર-ઘર સુધી યોગને પહોંચાડવાનો છે. આ શિબિર સેકટર-૭માં ચ-૩ સર્કલ પાસેના ડિવાઇન યોગ એન્ડ નેચરોપેથી સેન્ટર ખાતે એક માસ સુધી ચાલશે જેનો સમય દરરોજ સવારે પાંચથી સાત વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. શિબિર માટે વય મર્યાદા ૧૫ વર્ષથી ઉપરની અને રજીસ્ટ્રેશન માટેની અંતિમ તારીખ ૨૭મી એપ્રિલ નિયત કરવામાં આવી છે તેમજ સહયોગ શુલ્ક રૂ.૧૫૯૯ રાખવામાં આવ્યું છે.

સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરના અભ્યાસક્રમમાં યોગના મૂળભૂત સિદ્ધાંત, અષ્ટાંગયોગ, ષટકર્મ, પંચકર્મ, એક્યુપ્રેશર, આયુર્વેદ, માનવ શરીર રચના, પારંપરિક વ્યાયામ, અષ્ટચક્ર, પંચતત્વ, પંચકોશ, પંચપ્રાણ, સપ્તધાતુ, દિનચર્યા, રોગ અનુસાર અભ્યાસ વગેરે વિષય ઉપર ખુબ જ ગહન માહિતી પૂરી પાડી પ્રત્યેક વસ્તુનો ઉંડાણપૂર્વક અભ્યાસ સાથે આદર્શ યોગ શિક્ષક બનવાની ઉત્તમ તાલીમ આપવામાં આવશે. આ સાથે તાલીમ પૂર્ણ થયા બાદ પતંજલી યોગ સમિતી હરિદ્વાર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. આ પ્રમાણપત્ર ભારતના દરેક રાજ્યમાં માન્યતા ધરાવે છે જેથી તાલીમ લીધેલ વ્યક્તિ કોઈપણ જગ્યાએ પોતાનો સ્વતંત્ર યોગ વર્ગ ચલાવી શકશે તેવું આયોજકો દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે. તાલીમ દરમિયાન શીખવામાં આવનાર અભ્યાસ સંબંધી પુસ્તકો પૂરા પાડવામાં આવશે તેમજ હરિદ્વારની પતંજલિ યોગ સમિતિના વરીષ્ઠ અધિકારીઓ દ્વારા વિશેષ યોગ સત્રનું આયોજન કરવામાં આવશે. શિબિર અંગે માહિતી માટે હિતેન્દ્રભાઈ બાવરી અથવા મહિલા પતંજલિ જિલ્લા પ્રભારી ડૉ.નેહલ દેસાઈનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ખૂણેખાંચરેથી

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાજ્ય મંત્રીમંડળના સભ્યો સાથે બેઠક કરી હતી આ પછી અલગ-અલગ રીતે પણ મંત્રીઓને મળ્યા હતા.
- ગાંધીનગરમાં ચાલી રહેલ ફાઉન્ડ્રી એક્સ્પો આજે અંતિમ દિવસ હોવાથી ટ્રાફિક ભારણ વધુ જોવા મળ્યુ હતુ.
- સચિવાલયમાં આજે મુલાકાતીઓની સંખ્યા બહુ જ ઓછી રહી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે અને પેયજળની માંગ પણ વધી રહી છે પરંતુ પેયજળની ગુણવત્તાએ નગરજનોમાં ચિંતાની લાગણી ઉભી કરી છે.
- સચિવાલય સહિતની કચેરીઓમાં સૌથી ઉપરના મજલે આવેલી કચેરીઓના કર્મચારીઓ ગરમીથી બચવા કુલરની સુવિધા સરકારે આપવી જોઈએ તેવો ગણગણાટ સચિવાલય સહિતની કચેરીઓના કર્મચારીઓમાં શરૂ થયો છે.
- આવતીકાલથી મહાત્મા મંદિર ખાતે શરૂ થઈ રહેલ ત્રિદિવસીય આયુષ સમીટને લઈ મનપાના આરોગ્યતંત્રએ ૧૦૦થી વધુ લોકોના ત્યાં કામ કરતા માણસોના કોરોના ટેસ્ટ કર્યા હતા.
- ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે આજે યોજાયેલ આરોગ્ય મેળામાં ૧૭ જેટલા દર્દીઓને એક્સ-રે સ્ક્રીનીંગ દરમ્યાન ટી.બી. હોવાનું જણાઈ આવ્યુ હતુ.
- કલોલ જાયન્ટસ ગૃપ દ્વારા કલોલ શહેરમાં વિવિધ સ્થાનોએ પાણીની પરબ શરૂ કરવામાં આવી છે.
- સે. ૨૧ સ્થિત સિદ્ધિ વિનાયક મંદિર ખાતે સંકટ ચતુર્થીને લઈ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

## સેકટર-૨૯ માં ઘર સામેથી બુલેટની ચોરી

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં વાહનચોરીનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. આજે શહેરના સેકટર-૨૯ બી ટાઈપ વિસ્તારમાંથી બુલેટની ચોરી થવા પામી છે. ઘર આગળ પાર્ક કરેલી બુલેટ રાત્રીના સમયે ચોર ઈસમ લઈ જતા યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૯ બ્લોક નં. ૬૧૦-૨ બી ટાઈપ ખાતે રહેતા ૨૨ વર્ષિય મોઈન મહમદભાઈ ખોખર માતા-પિતા સાથે રહે છે.જયારે યુવક ઈન્ફોસીટી ખાતે જીઓની ઓફિસમાં નોકરી કરે છે. નોકરીએ આવન જાવન માટે યુવક બુલેટનો ઉપયોગ કરતો હતો. ગત તા.૧૭ ના રોજ રાત્રીના આશરે સાડા આઠ વાગ્યાના સુમારે બુલેટ લઈ યુવક પોતાના મિત્રના ઘરે ગયો હતો. મિત્રના ઘરે થી પરત ફર્યા બાદ બુલેટ ઘર પાસે રોડ પર પાર્ક કર્યું હતું. ત્યારબાદ યુવક ચાલીને મસ્જિદ જઈને નમાજ પઢીને પરત ઘરે ફર્યો હતો. તે સમયે ઘરના સભ્યો સુઈ ગયા હતા. જયારે યુવકે રાત્રીના સાડા બાર સુધી બુલેટ ઘર પાસે પાર્ક કરેલી સ્થિતિમાં જોયુ હતું. તે પછી યુવક સુઈ ગયો હતો, જયારે રાત્રીના ૧.૧૦ કલાકે ઉઠીને જોતા પાર્ક કરેલી જગ્યા પર બુલેટ ન હતું. કોઈ ભુલ થી લઈ ગયું હશે તો સવારમાં પરત મુકી જશે. ત્યારબાદ ખાનગી રીતે તપાસ કરવા છતા બુલેટ અંગે કોઈ માહિતી નહી મળતા યુવકે રૂ.૧.૪૦ લાખના બુલેટ ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## પરપ્રાંતિય ઓબીસી-ઈબીસી અધિકાર મંચે ભાજપ પ્રદેશ ઉપપ્રમુખને આવેદનપત્ર આપ્યું

### ગોરધન ઝડફિયાએ ભાજપ પ્રદેશ પ્રમુખ અને મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવાની ખાતરી આપી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત પરપ્રાંતિય ઓબીસી-ઈબીસી અધિકાર મંચના હોદ્દેદારોએ તા.૧૮મી એપ્રિલ સોમવારના રોજ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ગોરધન ઝડફિયાને રાજ્યમાં વસતા પરપ્રાંતિય સમાજને ઓબીસી-ઈબીસીનું જાતિ પ્રમાણપત્ર મેળવવામાં પડતી સમસ્યાઓ વિશે માહિતી આપી હતી અને જે પરપ્રાંતિય પરિવારો ગુજરાતમાં સતત ૧૦ વર્ષથી રહે છે, તેમને નિવાસના આધારે ડોમિસાઈલ સર્ટિફિકેટ મુજબ જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે તે અંગે માંગ વ્યક્ત કરવામાં આવી હતી. આ મીટીંગ દરમિયાન ગોરધન ઝડફીયાએ તમામ સમાજના પ્રતિનિધિઓને ખાતરી આપી હતી કે આ ઠરાવને સુધારવા માટે ૪૪ વર્ષ થયા છે અને તે અંગે સરકારમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને મુખ્યમંત્રી



ભૂપેન્દ્ર પટેલ સમક્ષ વાત કરીશ. આ પ્રસંગે ગુજરાત ઓબીસી-ઈબીસી અધિકાર મંચના કન્વીનર તુલસીભાઈ માલી, ચુનીલાલજી પ્રજાપતિ, અમદાવાદના વિરાટનગરના પૂર્વ કાઉન્સેલર સોનલબેન કંસારા, કમલેશભાઈ સોની, મનોજ ભાઈ સોની, ચંપાલાલજી ચંદેલ, અશોક ભાઈ માળી, પિન્ટુભાઈ ચૌધરી, ભુરાભાઈ પાલીકા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## બીબીએ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા બાબા સાહેબની જીવન ઝરમર પર ચર્ચા

ગાંધીનગર, તા.૧૯

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) એનએસએસ યુનિટ દ્વારા ભારતરત્ન એવા આંબેડકરજી ના જન્મજયંતી નિમિતે વિદ્યાર્થીઓ તેઓ ના જીવન ચરિત્ર વિષે જાણે અને તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે માટે કોલેજ દ્વારા ઉપરોક્ત કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ તરફથી ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા સમગ્ર આયોજન બાબતે સંકલન કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજ ના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમ બાબતે માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. એનએસએસના વોલીયંટર્સ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમજ ભારતના આવા મહાપુરુષો ને સમજી તેમના કર્યો, અનુભવો અને સંઘર્ષ માંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમજ ભવિષ્ય ના એનએસએસ યુનિટ ની વિવિધ પ્રવૃતિ માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. તેમજ તેઓને ઉપયોગી સૂચનો આપવા પણ જણાવ્યુ હતું.

કોલેજ તરફથી આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદશન હેઠળ ઉપાચાર્ય તેમજ ઉપાચાર્ય અને પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને સમગ્ર કોલેજ પરિવારના સહયોગ દ્વારા કાર્યક્રમ આયોજિત થયો હતો.

## ગુજરાત વિધાનસભા ખાતે ધ્યાનશિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિધાનસભા ખાતે ગ.વા. માવળંકર દ્વારા સમર્પણ ધ્યાન યોગના પ્રણેતા હિમાલયના મહર્ષિ સ્વામી શિવકૃપાનંદજીના ગુજરાતની જનતાનું પ્રતિનિધિત્વ કરતા સભ્યો મહત્વની જવાબદારી નિભાવી રહ્યાં છે, ત્યારે આ ધ્યાન શિબિરમાં સર્વે મંત્રીમંડળના સભ્યો તેમજ ખૂબ જ ઉત્સાહ અને ધ્યાનપૂર્વક પૂજ્ય સ્વામિનજીના પ્રવચનનો લાભ લીધો હતો અને માર્ગદર્શન મેળવ્યું હતું.

સમર્પણ ધ્યાનયોગના







સાનિધ્યમાં ધ્યાન શિબિરનું આયોજન તા. ૧૮, ૧૯, ૨૦મી એપ્રિલ-૨૦૨૨ દરમિયાન અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય દ્વારા કરવામાં આવ્યું છે. વ્યક્તિ અને સમાજની ઉન્નતિ માટે ધ્યાન એક સશકત માધ્યમ છે. ધારાસભ્યોને પણ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ ધ્યાન શિબિરમાં અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યની સાથે મંત્રીઓ, ધારાસભ્યો તેમજ વિધાનસભા પરિવારના કર્મચારીઓ/અધિકારીઓ જોડાયા હતા અને પ્રણેતા પૂજય સ્વામીજીએ આત્મજ્ઞાનના પ્રસાર થકી વસુધૈવ કુટુંબકમની ભાવના સાકાર થાય, મનુષ્યધર્મ ઉજાગર થાય એ માટે છેલ્લા ૨૫ વર્ષથી ૫૦ થી વધુ દેશોમાં નિઃશુલ્ક સેવાઓ આપી પ્રયાસો આદર્યા છે.


સત્યમેવ જયતે ગુજરાત સરકાર
આઝાદી નો અમૃત મહોત્સવ

"આઝાદીના અમૃત મહોત્સવ"ની સમગ્ર રાજ્યમાં ભવ્ય ઉજવણી





જિલ્લા અને તાલુકા કક્ષાએ વિવિધ કાર્યક્રમોનું આયોજન

- "આઝાદીના અમૃત મહોત્સવ"ના ભવ્ય શુભારંભ સાથે ૧૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ વડાપ્રધાનશ્રીના વરદ્‌હસ્તે સાબરમતી આશ્રમ ખાતેથી દાંડી માર્ચને ફ્લેગ ઓફ કરી પ્રસ્થાન કરાવાઈ.
- જૂનાગઢ ખાતે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને રાજ્યના તમામ તાલુકાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ઉજવણી કરાઈ.
- રાષ્ટ્રીય શાયર "શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિ"ની રાજ્ય અને જિલ્લા કક્ષાની ઉજવણી કરાઈ.
- નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા સ્થાપિત "ભારતીય રાષ્ટ્રીય સેનાના સ્થાપના દિવસ" નિમિત્તે બારડોલીના હરિપુરા ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા ખાતે કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં "એકતા દિવસ"ની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો.
- તાના-રીરી બહેનોની યાદમાં વડનગર ખાતે "તાના-રીરી મહોત્સવ-૨૦૨૧"ની ઉજવણી કરાઈ.
- "આઝાદીના અમૃત મહોત્સવ" અંતર્ગત રાજ્યના ૭૫ સ્થળો ખાતે યોજવામાં આવી રહેલા દેશભક્તિના પ્રસંગોને આવરી લેતા મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ.
- અમદાવાદ ખાતે વડાપ્રધાનશ્રીના વરદ્‌હસ્તે "૧૧ મા ખેલ મહાકુંભ"નો ભવ્ય શુભારંભ.
- "આઝાદીના અમૃત મહોત્સવ" અને "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની થીમ પર ગાંધીનગર ખાતે સાંસ્કૃતિક ઉત્સવ "વસંતોત્સવ-૨૦૨૨"ની ભવ્ય ઉજવણી કરાઈ.
- ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્મણીજીના લગ્નના સાક્ષી બનેલા પોરબંદરના માધવપુર ખાતે પરંપરાગત રીતે યોજાતો મેળો ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદ, ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ઉત્તર પૂર્વ રાજ્યોના મુખ્યમંત્રીશ્રી, કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયો.
- સમગ્ર રાજ્યમાં "મહર્ષિ અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતિ"ની ઉજવણી કરવાનું ભવ્ય આયોજન.

સંસ્કૃતિનું જતન, કલાકારોને પ્રોત્સાહન અને ઉત્સવોની ઉજવણી એટલે...

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર